# SPEAK@HOME

બોલવાની અને સાંભળવાની પ્રવૃત્તિઓ | #2

Lexia ENGLISH™ LANGUAGE DEVELOPMENT

તમારા બાળક સાથે તમારા ઘરની ભાષા(ઓ)માં વાત કરવી અને તમારી સંસ્કૃતિ તથા અનુભવો તેમની સાથે વહેંચવાથી તેમને અંગ્રેજી શીખવાનું વધુ દ્રઢ બનાવવામાં મદદ મળી શકે. આ આનંદમય રમતો અને પ્રવૃત્તિઓને તેમના એકંદર ભાષાકીય વિકાસને ટેકો આપવા માટે કોઈપણ ભાષામાં ઉપયોગમાં લો.

## ધ્વનિ વિડે આનંદ

સામાસિક (સંયુક્ત) શબ્દો બે નાના શબ્દોના બનેલા હોય છે. એવા શબ્દો વિશે વિચારો જે એક સામાસિક શબ્દ બનાવવા માટે સાથે જોડવામાં આવેલા હોય છે.

1. નિમ્નલિખિત સામાસિક શબ્દોમાંથી એક પસંદ કરો:

| | | |
|---|---|---|
| **બટરફ્લાય** | **ફ્લેગપૉલ** | **રેઇનબૉ** |
| **કાર્ટવ્હીલ** | **હૉટડૉગ** | **સ્ટારફિશ** |
| **ઇઅરરિંગ** | **મિલ્કશેક** | **સનફ્લાવર** |
| **ફાયરફ્લાય** | **પિજન** | **ટાઇમલાઇન** |

2. તમારા બાળકને તે શબ્દ જણાવો.
3. તમારા બાળકને તે શબ્દને તેના બે નાના શબ્દોમાં છૂટો પાડવા કહો.
4. દરેક નાના શબ્દ અને મોટા સામાસિક શબ્દના અર્થ વિશે વાત કરો

**ઉદાહરણ:**
કરોળિયાનું જાળું



## કાર્ડ ટૉક

1. નીચે મુજબના સૂચકોનો ઉપયોગ કરીને કાર્ડનો એક સેટ (સંપુટ) બનાવો.
2. બધા કાર્ડને ઊંધા રાખી એક ચોડ (થપ્પી)માં મૂકો.
3. પહેલા ખેલાડીએ થપ્પીમાંથી એક કાર્ડ પસંદ કરવાનું, સૂચન વાંચવાનું હોય છે, અને તેનો જવાબ આપવા માટે બીજા એક ખેલાડીને પસંદ કરવાનો હોય છે.
4. બધા કાર્ડ પતી ન જાય ત્યાં સુધી રમત ચાલતી રાખો.

**સૂચકો:**

- તમે સ્કૂલ ખાતે શું કરો છો તે વર્ણવો.
- તમે શું માનો છો, _______ કેવું હશે?
- શું તમને _______ પસંદ છે?
- જો તમે _____ અથવા _____ કરી શકતા હોત, તો તમે કયું પસંદ કર્યું હોત?
- આપણે આ વીકએન્ડમાં કરી શકીએ એવી બે પ્રવૃત્તિઓ સૂચવો.
- આપણે _____ કેવી રીતે પહોંચીએ તે વર્ણવો.

આવતી વખતે, અલગ સૂચનો સાથેના કાર્ડનો એક નવો સેટ બનાવો!

## આગળ વધો

તમારા બાળક સાથે ઘરની બહાર નીકળો. તમને દેખાતી હોય તેવી વસ્તુઓ વિશે વાત કરો. તમારી વાતચીતને માર્ગદર્શન આપવા માટે નિમ્નલિખિત પ્રશ્નોનો ઉપયોગ કરો:

- તમારું _____ ક્યાં છે?
- તે ત્યાં કેવી રીતે જાય છે?
- તેઓ/આ શું છે?
- તેઓ/આ કોના _____ છે?
- કેટલા _____ છે?

Lexia © 2024 Lexia, a Cambium Learning Group company.

# SPEAK@HOME

બોલવાની અને સાંભળવાની પ્રવૃત્તિઓ | #2

## તેનો અભિનય કરો

1. સૂચિમાંથી એક પ્રવૃત્તિ પસંદ કરો:

| | |
|---|---|
| **ચિત્રકામ** | **રમત રમવી** |
| **બેકિંગ** | **ફળ ખાવું** |
| **શીખવું** | **સંગીત રચવું** |

2. એક ખેલાડી પાસે તેનો અભિનય કરાવો.
3. અન્ય ખેલાડીઓએ પૂરાં વાક્યોનો ઉપયોગ કરીને પ્રવૃત્તિ શું છે તે અંદાજો મેળવવા માટે વારાફરતી પ્રયાસ કરવાનો હોય છે.

**ઉદાહરણ:**

શું તમને બેઝબૉલ રમવું પસંદ છે?

હા, મને બેઝબૉલ રમવું પસંદ છે.

## ફોટો બૂથ

તમારા બાળક સાથે એક રોજિંદી પ્રવૃત્તિ પૂરી કરો, જેમકે રસોઈ કરવી. પ્રવૃત્તિની શરુઆતમાં, વચ્ચે, અને અંતે ફોટા પાડો.

ત્યારબાદ, પ્રવૃત્તિના ભાગોને ક્રમમાં ગોઠવવા માટે ચિત્રોનો ઉપયોગ કરો. તમારા બાળકને પહેલું, ત્યારપછીનું, ત્યારબાદ, આખરે, અને છેવટે જેવા શબ્દોનો ઉપયોગ કરવા માટે પ્રેરો.

આજમાવી શકાય તેવી રોજિંદી પ્રવૃત્તિઓ:

- કાર, થાળીઓ, અથવા કપડાં ધોવા
- કચરો કચરાપેટીમાં મૂકવા જવો
- શાળાએ જવા તૈયાર થવું
- ઊંઘવા જવાની તૈયારી કરવી

## આર્ટ સ્ટુડિઓ

1. કાગળ અને રંગપૂરણીના સાધનો લો.
2. વારાફરતી એવી વસ્તુઓ દોરો જે **મોટી** અને **નાની** હોય.
3. દરેક વારા પછી, કઈ વસ્તુ દોરી છે તેના વિશે એકબીજાને પૂછો. તમારી વાતચીતને માર્ગદર્શન આપવા માટે નિમ્નલિખિત પ્રશ્નોનો ઉપયોગ કરો:

- આ શું છે? તે બધા શું છે?
- તેનું કદ કેટલું છે? તેઓ ક્યા કદના છે?
- કેટલા _____ છે?

તમારા બાળકને પૂરા વાક્યોમાં જવાબ આપવા માટે પ્રેરો.

**ઉદાહરણ:**

આ બૂટની એક જોડી છે.

તે મોટાં છે.

બે મોટા બૂટ છે.



## આઇ સ્પાય (મારી નજરમાં કંઈક છે)

શરુઆત કરવા માટે એક ખેલાડી પસંદ કરો. તે ખેલાડી ચૂપચાપ એક વસ્તુ પસંદ કરે છે જે દરેકને દેખાતી હોય અને તે વસ્તુને વર્ણવવા માટે કડીઓ (મદદ કરતા શબ્દો) આપે છે. અન્ય ખેલાડીઓએ તે વસ્તુ શું છે તેનું અનુમાન કરે છે.

વર્ણવવાની બાબતો:

**રંગ** **આકાર** **સ્થિતિ** **સ્થળ** **કદ**

**ઉદાહરણ:**

મને સ્ટ્રીટમાં કંઈક દેખાય છે.

મને સ્ટ્રીટના વળાંક પાસે કંઈક દેખાય છે.

મને કંઈક મોટું દેખાય છે.



Lexia ENGLISH LANGUAGE DEVELOPMENT

© 2024 Lexia, a Cambium Learning Group company.